(૧)

ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય
લગ્ન સહાય યોજનામાં વધારો કરી સહાય
માટે વધારાના ખર્ચને મંજૂરી આપવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા.૧૩/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૫/૦૩/૨૦૧૯

<u>વંચાણે લીધા:</u>

(૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૭/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:અજાક/મ/૫/ ૨૦૧૮/૮૯૪-૯૫

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: અજાક/ ૧૦૨૦૧૭/નબા-૧૩/ગ

(૩) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા.૧૯/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંક:અજાક/મ/૫/ ૨૦૧૮/૮૮૮૧

સુધારા ઠરાવ :

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં પ્રવર્તમાન સહાયમાં રૂ. ૫૦ હજારનો વધારો કરી રૂ.૧/-લાખ (અંકે રૂપિયા એક લાખ પૂરા) ની સહાય કરવા માટે થનાર વધારાના ખર્ચની વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં માં.ક્ર.૯૫, મુ.સ.- ૨૨૨૫-૦૧-૮૦૦-૦૧ હેઠળ રૂ.૨૫૦/-લાખ (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા) ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૧૯/૧૨/૨૦૧૮ ના પત્રથી નીચે મુજબની દરખાસ્ત સુધારવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: એમબીસી/૧૧૯૭/ન.બા-૮/ગ, તા.૦૧/૦૪/૨૦૦૦ થી ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ યુગલદીઠ રૂ.૫૦,૦૦૦/- આપવામાં આવે છે. જેમાં નીચે મુજબ સહાય ચુકવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે | રૂ.૨૫,૦૦૦/- |
| (૨) ઘર વપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય | રૂ.૨૫,૦૦૦/- |
| કુલ | રૂ. ૫૦,૦૦૦/- |

આ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૮ ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા.૧૩/ગ થી રૂ.૫૦,૦૦૦/-નો વધારો કરી રૂ.૧,૦૦,૦૦૦/- ની સહાય કરવામાં આવેલ છે.

(૧) પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે રૂ.૫૦,૦૦૦/-

(૨) ઘર વપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય રૂ.૫૦,૦૦૦/-

કુલ રૂ. ૧,૦૦,૦૦૦/-

ઉકત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રૂ.૫૦,૦૦૦/-નો વધારો કરી સહાયની રકમ પેટે રૂ.૧,૦૦,૦૦૦/-ચુકવવા માટેની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૮ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો યથાવત રહેશે. તેમજ જે દર્શાવેલ બજેટ હેડે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૮/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.બી.ઠાકોર)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના :

-માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એ.જી, અમદાવાદ/ રાજકોટ
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

-નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર

-સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી, અજાક મારફત)

-સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (નિયામકશ્રી, અજાક મારફત)

-સર્વે જિલ્લા નિવાસી અધિકારીશ્રી (નિયામકશ્રી, અજાક મારફત)

-સે..અ.શ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ

-સિલેક્ટ ફાઇલ.